બાળવિજ્ઞાન પ્રસ્તુત

# દાદા ભગવાન

## ભાગ-૧



# પ્રસ્તાવના

'દાદા ભગવાન' વર્તમાન યુગના અજોડ આત્મજ્ઞાની પુરુષ હતા. એમને બાળપણથી જ આત્માને ઓળખવાની, પરમ તત્ત્વને પ્રાપ્ત કરવાની લગની હતી. રોજિંદા જીવનમાં બનતા દરેક પ્રસંગનું તેઓ વૈજ્ઞાનિક રીતે પૃથ્થકરણ કરતા, તેની પાછળની ભ્રામક લૌકિક માન્યતાઓથી દૂર રહી સાચી સમજણ અપનાવતા. એ રીતે એમણે પોતાનું જીવન તદ્દન નિરાળી ઢબે જ કંડાર્યું હતું. બાળપણથી જ તેમના જીવનના કેટલાય પ્રેરણાદાયી પ્રસંગો તેમના આવા 'સંશોધક' હૃદયને વાચા આપે છે.

સૌ કોઈને માટે દાદા ભગવાનની વાતો ખૂબ સુંદર દિશાસૂચન કરશે તેમજ જીવનનું ધ્યેય સમજવાની પ્રેરણા આપશે. એમના જીવનના પ્રેરણાદાયી પ્રસંગોનો હૃદયસ્પર્શી પરિચય આ પુસ્તિકા કરાવે છે.

'દાદા ભગવાન'ના જીવન પ્રસંગોને એમના જ શ્રીમુખે નીકળેલી વાણીમાંથી તે જ રૂપે ચિત્રાંકિત કરવાનો પ્રયત્ન કર્યો છે. આપને આ પુસ્તિકામાં ચિત્ર કે લખાણમાં કંઈ પણ ત્રુટિ લાગે તો તે સંકલનકર્તાની છે. આવી કંઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો તે માટે અમો આપના ક્ષમાપ્રાર્થી છીએ.

– જય સચ્ચિદાનંદ


પ્રકાશક :
શ્રી અજીત સી. પટેલ
મહાવિદેહ ફાઉન્ડેશન
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ.
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૯૭૯, ૨૭૫૪૦૪૦૮.

મુદ્રક :
મહાવિદેહ ફાઉન્ડેશન (પ્રિન્ટીંગ ડિવિઝન)
પાર્શ્વનાથ ચેમ્બર્સ ભોંયરામાં, નવી રિઝર્વ બેંક પાસે,
ઈન્કમટેક્ષ, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૬૪, ૩૦૦૦૪૮૨૩

પ્રાપ્તિ સ્થાન :
ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ,
જીલ્લો : ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૦૩૪
email : balvignan@dadabhagwan.org
website : www. dadabhagwan.org
kids.dadabhagwan.org

પ્રથમ આવૃત્તિ : ૫,૦૦૦ કોપી નવેમ્બર ૨૦૦૮

મૂલ્ય : ભારત રૂા. ૩૫, US $ 3 / GB £ 2



© : All Rights Reserved - Mahavideh Foundation
Address as above

# દાદા ભગવાન

## ભાગ-૧





“દાદા ભગવાન” નામે વિખ્યાત થયેલા શ્રી અંબાલાલ પટેલનો જન્મ તા. ૮મી નવેમ્બર, ૧૯૦૮ના રોજ તેમના મોસાળ વડોદરા પાસે આવેલા તરસાળી ગામમાં થયો હતો.



તેમના પિતા મૂળજીભાઈ પટેલ તથા માતા ઝવેરબા ગુજરાતમાં ચરોતર પ્રદેશમાં આવેલા ભાદરણ ગામમાં રહેતા હતા. તેઓ કૌટુંબિક, સામાજિક તેમજ ધાર્મિક રીતે ખૂબ જ સુંદર અને આગવી પ્રતિભા ધરાવતા હતા.

ભાદરણ ગામ ખૂબ નાનું. ત્યારે સાતેક હજારની માંડ વસ્તી હશે. ગામના રહેવાસીઓમાં ઝવેરબાની તોલે કોઈ ના આવે, એવા એમના સંસ્કાર કંઈ ન્યારા જ હતા. તેઓ અત્યંત દયાળુ અને પરોપકારી વૃત્તિના હતા અને ખૂબ જ ઉમદા વિચારો ધરાવતા.

ઝવેરબાએ દીકરાના જન્મ પહેલાં આઠેક વર્ષ સુધી ઘી નહીં ખાવાની અંબા માતાની બાધા રાખેલી. ત્યાર બાદ જન્મેલા પુત્રનું નામ મા અંબાના લાલ એટલે અંબાલાલ પાડેલું.






અંબાલાલ નાના હતા ત્યારથી જ રૂપાળા અને મનમોહક હતા. તેઓ ખૂબ જ ચતુર અને બહાદુર હતા, સાથે સાથે ટીખળી અને મસ્તીખોર પણ હતા. એમનો ગલગોટા જેવો પ્રફુલ્લિત ચહેરો જોઈને પાડોશમાં રહેતા પુનીબાએ વહાલથી એમનું હુલામણું નામ 'ગલગોટિયા' પાડેલું. ગામના લોકો એમને લાડમાં 'ગલો' કહીને બોલાવતા.


નાનપણમાં માતાની હૂંફ અને સામીપ્ય એમણે વધારે મેળવેલા. કોઈવાર ઝવેરબાને બહાર જવાનું થતું તો બાળક અંબાલાલને સૂતી વખતે હાથમાં પકડવા માટે પોતાની સુંવાળી સાડી આપીને જતાં. એટલે માતા પાસે જ છે એવી હૂંફ લાગે ને !







બાળકો માતાની પાસે રહીને ઉછરે છે તે દરમ્યાન પોતાના જીવનના ઉમદા પાઠો શીખતા હોય છે. માતા ઝવેરબાએ સુંદર સંસ્કારોનું સિંચન કરીને બાળક અંબાલાલમાં ઉમદા ચારિત્ર્યનું ઘડતર કર્યું. જો માવજત સારી હોય તો છોડવો પણ સરસ જ ઊગે ને !


એક સાંજે અંબાલાલ મિત્રો સાથે રમીને ઘરે આવ્યા.
અંબાલાલ, આજે કેમ મોડું થયું ?
આજે રમતા રમતા ઝગડો થયો, તેમાં મેં એક છોકરાને માર્યું અને તેને લોહી નીકળ્યું.
બેટા, એને લોહી નીકળ્યું એવું તને કોઈ મારે ને લોહી નીકળે તો મારે તારી દવા કરવી પડે ને ?
હા, મા.
અત્યારે પેલા છોકરાની માતાને પણ દવા કરવી પડતી હશે ને ?
હા, મા.
કેટલું રડતો હશે એ બિચારો ! એને કેટલું દુ:ખ થયું હશે !
એવો તો મેં વિચાર જ નહોતો કર્યો !
જો બેટા, હવેથી કોઈ દહાડો કોઈને મારીને ના આવીશ. તું માર ખાઈને આવીશ તો ચાલશે, હું તારી દવા કરીશ.
સારું, મા !
માતા તરફથી મળેલા આવા સંસ્કાર બાળકને મહાવીર બનાવે કે ના બનાવે ?

એક રાત્રે બાળક અંબાલાલને માંકણ કરડ્યા એટલે ઊંઘ નહોતી આવતી, તે પથારીમાં બેઠા થઈ ગયા.




"મારાથી આ જગતના કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુ:ખ ન હો'' એવો ભાવ અંબાલાલના હૈયામાં નાનપણથી જ જાગ્યો. માતા પાસે બાળક અંબાલાલ હૃદયથી ભીંજાઈને આવો અહિંસાનો પાઠ શીખ્યા.

VsurxÞwt - xeVeLk

★ ફજેટિયું એટલે ટિફીન

એક વાર ઝવેરબાને કંઈ કામ અંગે બહારગામ જવાનું થયેલું. એમના ફળિયામાં રહેતા પાડોશીએ અંબાલાલ માટે જમવાનું બનાવી આપ્યું.




રસોડામાં પહોંચી તો ગયા, પણ હજુ સુધી રાંધવાનું કોઈ કામ એમણે થોડું જ કર્યું હોય ! ડબ્બાઓ કાઢ્યા, વાસણો કાઢ્યા, હોંશમાં ને હોંશમાં મંડી તો પડ્યા, પણ બનાવવાનું કંઈ ફાવ્યું નહીં. રસોડામાં બધું વેરાયું ને વાસણોનો સારો એવો પથારો થયો !

બીજે દિવસે ઝવેરબા પાછાં આવ્યાં ત્યારે રસોડામાં બધું ઉથલપાથલ થયેલું જોયું. એમણે ગુસ્સે થવાને બદલે ખૂબ જ પ્રેમથી અંબાલાલને પાસે બોલાવીને માથે હાથ ફેરવ્યો.




ઝવેરબામાં માતા તરીકેના કેટલા ઉમદા ગુણો હતા ! તેઓ ક્યારેય અંબાલાલને વઢ્યા ન હતા કે ક્યારેય તેમના પર ગુસ્સો ઠાલવ્યો ન હતો. હંમેશાં પોઝિટિવ દૃષ્ટિ રાખીને એમના મનનું સમાધાન થાય એ રીતે પ્રેમથી અંબાલાલને સમજાવતાં અને શીખવાડતાં.

નાનપણથી જ અંબાલાલ મિલનસાર સ્વભાવના હતા અને ઓબ્લાઈજિંગ નેચર★ ધરાવતા. માતાનો ઓબ્લાઈજિંગ નેચર અને ખાનદાનીનો ગુણ નાનપણથી જ અંબાલાલના વર્તનમાં ઉતરી આવેલો જોવા મળતો. કોઈને માટે પણ વસ્તુઓ લાવવા-મૂકવાનું કામ હોય તો તેઓ રાજીખુશીથી કરતા.






સૌનાં કામ કરી આપવામાં અંબાલાલને ખૂબ આનંદ આવતો. "જે મને ભેગો થાય તેને મારા તરફથી કંઈ પણ સુખ મળવું જોઈએ. નહીં તો મારું એને મળેલું શું કામનું ?" એવો એમનો પહેલેથી નિયમ હતો. નાનપણથી જ બીજાને સુખ આપવાની એમની ભાવના રહેતી.



એકવાર એક જ્યોતિષ ઘરે આવ્યો હતો.
અરે દેવી ! યહ આપકા બચ્ચા બહુત પુણ્યવાન હૈ. ખૂબ નામ કરેગા. લેકિન ઉસકે લીએ વિધિ કરવાની પડેગી.
હા, મહારાજ. મારા દીકરા માટે હું વિધિ કરાવીશ. શું ખર્ચો આવશે ?
જ્યાદા કુછ નહીં. યહી કુછ સૌ - દેઢ સૌ રૂપૈયે લગેંગે.
તે વખતના સો રૂપિયા એટલે હાલના ૧૦૦૦ રૂપિયા થાય. અંબાલાલ તો પૂર્વભવોનું ડેવલપમેન્ટ લઈને આવેલા. તેથી નાના હતા તોય તેમનામાં ગજબની અંતર સૂઝ હતી.
વિધિ કરને સે તુમ્હારા કલ્યાણ હોગા, બચ્ચે.
ના, મા. આપણે કોઈ વિધિ કરાવવી નથી.
હું તો ભગવાનની ચિઠ્ઠી લઈને આવેલો છું. મારું કલ્યાણ કરવામાં તમારી વિધિની જરૂર નથી.
હું મારું ભાગ્ય લઈને આવ્યો છું, એમાં કોઈ વ્યક્તિ કે વસ્તુ ફેરફાર ન કરી શકે એવી ઊંડી સમજણ નાનપણથી જ હતી.

અંબાલાલ નાનપણમાં ખૂબ જ રમતિયાળ હતા. ઘરની પાછળનો વંડો કૂદીને તળાવ પર જતા રહેતા.
તળાવમાં ન્હાતી ભેંસ ઉપર બેઠા પછી, હાથી ઉપર બેઠા હોય એવું લાગતું. !




નાનપણમાં તેમનું શરીર હૃષ્ટપુષ્ટ હતું. રમતમાં ને રમતમાં આખું તળાવ તરીને સામે કિનારે પહોંચી જતા !




અંબાલાલ મિત્રો સાથે ઘણીવાર પેનોની રમત રમતા. એક ડબ્બીમાં પેનના ટુકડા દૂરથી નાખવાના. બધા મિત્રો ધારી ધારીને નાખે તો પણ સાતમાંથી ત્રણ-ચાર જ ડબ્બીમાં પડે, બાકીના ઊછળીને બહાર પડી જાય.
અંબાલાલ તો એમને એમ ધાર્યા વગર નાખે તો પણ પાંચેક ટુકડા ડબ્બીમાં પડે !
જો આપણે કર્તા થઈએ તો એકુંય પેન ડબ્બીમાં ના પડે. આ મને ધારીને નાખતાં આવડતું નથી છતાંયે ટુકડા ડબ્બીમાં પડે છે ! એટલે ખરેખર કર્તા તો કોઈ બીજો જ છે.
એટલે ખરેખર આ જગતમાં બધું કરનાર કોઈક બીજી જ શક્તિ છે એવું એમની સમજમાં આવેલું.
એકવાર બાળક અંબાલાલે પિતા પાસે વાપરવા માટે ચાર આના માંગ્યા. પણ પિતાએ તેમને આપવાની ના પાડી.
આપો ને એને ! છોકરાને આમ શું કામ રડાવો છો ?
પરંતુ નાનપણથી તેઓ લાચારી સ્વીકારવા તૈયાર ના થતા. પોતાની મુશ્કેલીઓનો જાતે ઉકેલ લાવવાનું એમને ગમતું.
ના, બા તમારી સિફારિશની જરૂર નથી. એ તો હું મારું જાતે જ ફોડી લઈશ.
એવો સ્વતંત્રતાનો રણકો નાનપણથી જ એમની હિલચાલમાં પરખાતો.


અંબાલાલ મૂળથી ટીખળી સ્વભાવના, પરંતુ સાથે સાથે નિરીક્ષણ કરવામાં પાવરધા ! એકવાર બિલાડી રસોડામાં પેઠેલી. અંબાલાલ તો જે માટલીમાં દહીં જમાવેલું, તે માટલીને જમીન પર ખુલ્લી મૂકીને તમાશો જોવા માટે સંતાઈ ગયા. દહીં બગડશે એની તો એમને પડેલી જ ન હતી.



દહીંની સુગંધ આવી એટલે તરત બિલાડીએ ખાવા માટે માટલીમાં મોં ઘાલ્યું. તળિયા સુધી પહોંચવા માટે જોર કર્યું એટલે એનું માથું માટલીમાં ફસાઈ ગયું ! પછી તો મોં પાછું બહાર કાઢતાં ના આવડે, એટલે મોઢા પર માટલી પહેરીને ફર્યા કરે !



અંબાલાલના મોટાભાઈનું નામ મણિભાઈ હતું. તેઓ ઉંમરમાં એમનાથી ઘણાં મોટા હતા. અંબાલાલ તો હજુ નાના હતા, ત્યારે મણિભાઈનાં લગ્ન થઈ ગયેલાં. તે જમાનામાં તો બહુ નાની ઉંમરમાં લગ્ન થઈ જતાં ! ઘરમાં એમના ભાભી આવ્યાં તે પણ નાની છોકરી જેવા જ ! પણ અંબાલાલને ઘરમાં પોતાનો રોફ રહે એવું જોઈતું હતું. એક સવારે દૂધ પીતી વખતે એમનાથી રહેવાયું નહીં અને જીદ પર ચઢ્યા.




અંબાલાલ તો રીસાઈને દૂધ પીધા વગર અંદરના ઓરડામાં ચાલ્યા ગયા.
ઝવેરબા એમને મનાવવા ગયા નહીં. એટલે પછી થોડી જ વારમાં અંબાલાલને તો ચટપટી થવા માંડી.





અંબાલાલે સરવૈયું કાઢ્યું કે રીસાવાથી એમને કેટલો ફાયદો થયો ને કેટલું નુકસાન થયું ! આખા દિવસમાં ઓરડામાં એકલા બેસી રહેવાથી પોતે દૂધ તો ગુમાવ્યું જ ને સાથે સાથે બધા સાથે હસવા-બોલવાનું, રમવા જવાનું, નિશાળે જવાનું, બધું જ ગુમાવ્યું ને ! અંબાલાલને પોતાની ભૂલ જડી. "આ રીસાઈ જવું એ તો બહુ મોટો ખોટનો ધંધો છે !" ત્યાર પછી એ જિંદગીમાં ક્યારેય રીસાયા ન હતા.

વહુ અને દીકરાને એકસરખા ગણવાની કેવી અનેરી સમજણ હશે ઝવેરબામાં ! ઝવેરબા જેવાં ભદ્રિક અને સંસ્કારી સ્ત્રી ક્યાંય જોવા ના મળે ! એમનો પ્રતાપ એટલો હતો કે બા ઘરમાંથી બહાર જવા નીકળે કે પોળમાં આસપાસનાં દરેક ઘરમાંથી બધા બાને "જય શ્રીકૃષ્ણ" કહેવા બહાર નીકળે. એમને માટે સૌને ખૂબ જ પૂજ્ય ભાવ હતો. એમનું મોઢું જોતાં જ દુઃખિયો સુખિયો થઈ જાય એવો તો એમનો પ્રભાવ હતો ! સૌ કોઈ એમને "દેવી" કહીને નવાજતા.




આ જોઈને અંબાલાલને મનમાં થતું કે બા પ્રત્યે સૌને આદર ભાવ એમના ઉત્કૃષ્ટ ગુણોને લીધે છે. મારે પણ જીવનમાં એમના જેવાં જ સંસ્કારી થવું છે.

સાત વર્ષના થયા, ત્યારથી અંબાલાલે શાળામાં ભણવા જવાનું શરૂ કર્યું. સ્કૂલના પહેલાં ચાર વર્ષ ગુજરાતી સ્કૂલમાં અને પછીના સાત વર્ષ અંગ્રેજી સ્કૂલમાં ભણેલા.



ભણવામાં ખૂબ જ હોશિયાર. શિક્ષક એક જ વાર બોલે, એટલામાં તો એમને બધું સમજાઈ જતું અને યાદ રહી જતું. ચતુર એટલા જ મસ્તીખોર પણ હતા. એટલે શિક્ષકોને એમની બીક લાગતી.




મોટા થયા પછી અંબાલાલભાઈ કહેતાં “નાનપણથી જ રોફ મારવાના મારા સ્વભાવ પાછળ જે અહંકાર ને આડાઈ હતા, તેને ઓળખીને કાઢ્યા ત્યાર પછી જ મારું અંતઃકરણ ખરેખરું ચોખ્ખું થયું.”

બાળક અંબાલાલ ઘણીવાર ભાઈબંધો સાથે ખેતરોમાં જતા.
અને કેરી, જામફળ વિગેરે તોડીને ખાતા.





પરંતુ બધા મિત્રો તો તે ઉપરાંત પહેરેલા કપડાંમાં બાંધીને પોતાની સાથે ફળો ઘરે પણ લઈ જતા. અંબાલાલ ક્યારેય ફળો ઘરે લાવતા ન હતા. નાનપણથી જ એમનામાં લોભની પ્રકૃતિ બિલકુલ ન હતી.

અંબાલાલ જ્યારે નવ વર્ષના થયા ત્યારે એકવાર એમના દાદીમા આફ્રિકા જવા માટે રવાના થવાના હતા.







આમ કહી અંબાલાલે તો એવું નાટક કર્યું કે બધાએ એમને આફ્રિકા મોકલવાનો વિચાર પડતો મૂકવો પડ્યો. એમના હૃદયમાં ભારત ભૂમિનું માહાત્મ્ય નિ:શંક રીતે અને સ્પષ્ટપણે વર્તતું હતું.

અંબાલાલ દસ વર્ષના હતા ત્યારે એક રાત્રે ફળિયામાં એમના પિતાશ્રી મૂળજીભાઈ ઘસઘસાટ સૂતા હતા. ઝવેરબા અને અંબાલાલ પણ સૂવાની તૈયારીમાં જ હતા. ત્યારે અચાનક....



ઝવેરબાની દૃષ્ટિ મૂળજીભાઈ પર પડી. એક પાંચ ફૂટ લાંબો સાપ ફેણ માંડી પથારીમાં બેઠો હતો. ઝવેરબા બિલકુલ વિચલિત થયા નહિ અને ધીરજ ધરી. થોડા સમય પછી સાપ શરીર પરથી પસાર થઈ જતો રહ્યો.




ઝવેરબાએ મૂળજીભાઈને ઊઠાડ્યા અને આખી વાત જણાવી. અંબાલાલ આ બધું નિહાળી રહ્યા હતા.




અંબાલાલને ઝવેરબાની ધીરજ અને સમતા પર ખૂબ માન થયું. આ રીતે એમને નાનપણમાં જીવનમાં આવતી મુશ્કેલીઓમાં કેવી રીતે સમતા રાખવી તેનો બોધ મળ્યો.

અંબાલાલ અગિયાર વર્ષના હતા ત્યારે એમના એક પિતરાઈ ભાઈ ગુજરી ગયા. મરનારના ભાઈઓ, 'ઓ મારા ભાઈ રે !' એમ બૂમો પાડીને એટલું જોરથી રડ્યા કે સાંભળીને અંબાલાલનું તો હૈયું ભરાઈ આવ્યું અને આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. બધી સ્ત્રીઓ પણ સાડી મોઢા પર તાણીને રડતી જાય અને છાતી કૂટતી જાય. અંબાલાલને તો ખૂબ લાગણી થઈ આવી.




અંબાલાલને નાનપણથી જ "લોકસંજ્ઞા★"નું મહત્વ ન હતું. લોકોને જે સંસારી વસ્તુઓમાં સુખ લાગ્યું છે તેમાં એમને સુખ લાગતું જ નહીં.

★ લોકસંજ્ઞા – લોકોનાં અભિપ્રાય





★ અપભ્રંશ – બદલીને ★★ લોકસંજ્ઞાનો – લોકો શું બોલશે એવો લોકોના અભિપ્રાયનો

☆ ફજેત – મશ્કરી કરવાનો



અંબાલાલ સાતમા ધોરણમાં હતા ત્યારે એકવાર સ્કૂલમાં માસ્તર ગણિતનો વિષય ભણાવતા હતા.
ચાલો, બાળકો. આજે આપણે “લઘુતમ” શીખીશું.
“લઘુતમ” એટલે તમે શું કહેવા માંગો છો ?
આ બધી રકમો બૉર્ડ પર લખી છે એમાં રહેલી નાનામાં નાની સામાન્ય રકમ, અવિભાજ્ય રકમ, જેને ફરીથી ભાગી ના શકાય એવી રકમ શોધી કાઢવાની છે.
આ વાત તો માફક આવે એવી છે. હું બધા માણસોને “રકમો” કહું છું ને ! એ રકમોની અંદર પણ એવું જ છે ને ! અવિભાજ્ય રૂપે....
સાહેબ, આ દાખલા પરથી તો મને ભગવાન જડી ગયા !
એ શું કહે છે અંબાલાલ ?
આ માણસો, ગાયો, પક્ષીઓ બધી “રકમો” જ છે ને ! બધામાં “ભગવાન” અવિભાજ્ય સ્વરૂપે રહેલા છે. એટલે આ બધી રકમોમાં અંદર અવિભાજ્યરૂપે, કૉમન ફેક્ટર તરીકે જે લઘુતમ ભાવે બેઠા હોય, તે ભગવાન જ હોય ને !
ગજબ હતી અંબાલાલની અંતર દૃષ્ટિ ! આમ આટલી નાની ઉંમરે દરેક જીવમાત્રમાં અવિભાજ્ય રૂપે ભગવાન રહેલા છે એ શોધી કાઢ્યું.

અંબાલાલની સ્કૂલની નજીકમાં જ એક સંતપુરુષનો આશ્રમ હતો. સ્કૂલ છૂટ્યા પછી અંબાલાલ એ આશ્રમમાં સંતના દર્શન અને સેવા કરવા માટે જતા. ત્યાં સંતપુરુષની પાસે બેસીને તેમના પગ દબાવી આપતા. સંત તેમના પર ખુશ હતા. એક દિવસ સંત અંબાલાલને કહે છે...





તેર વર્ષની બાળ વયે અંબાલાલને આવી સ્વતંત્રતા જાગેલી. કોઈ ઉપરી પણ ના જોઈએ અને કોઈ અંડરહેન્ડ પણ ના જોઈએ. ભગવાન પણ માથે ના જોઈએ, એવો 'મોક્ષ' ખપે ! "મુક્તિનું" આવું સ્વરૂપ એમણે વિચારેલું. ત્યારે એમને ખબર ન હતી કે વીતરાગોનો મોક્ષ આવો જ હોય છે ! આપણી પોતાની ભૂલો જ "ઉપરી" થઈ જાય છે. એ ભૂલો જો આપણે ભાંગી શકીએ, તો પછી આપણો કોઈ ઉપરી છે જ નહીં. જ્ઞાની પુરુષ તરીકે મોક્ષની આવી સુંદર સમજણ એમણે જગત સમક્ષ ધરી છે.

નાનપણથી જ અંબાલાલના વિચાર અને વર્તન બીજાં કરતાં જુદા પડતાં. લોકો તો પોતાના ઉપરીને રાજી રાખ્યા કરે અને અન્ડરહેન્ડ પર દાદાગીરી કરે અને રોફ જમાવે. પરંતુ અંબાલાલ ઉપરીની દાદાગીરી આગળ બળવો પોકારે અને અન્ડરહેન્ડનું રક્ષણ કરે. રસ્તે જતાં પણ કોઈ લઢતા હોય, તેમાં જે હાર્યો હોય, જેણે માર ખાધો હોય, એનો પક્ષ અંબાલાલ લેતા અને રક્ષણ આપતા. એમનામાં ગજબનો ક્ષત્રિય ગુણ વિકસેલો.




વળી તેઓ સ્પષ્ટપણે કહેતા કે જ્યાં સુધી આપણને, આપણાં હાથ નીચે કામ કરનાર વ્યક્તિ રાખવાની ઈચ્છા હોય છે, ત્યાં સુધી આપણને અન્ડરહેન્ડ બનાવનારા ઉપરી પણ મળતા જ હોય છે.



એકવાર એમનો નોકર ૧૨-૧૫ દિવસ માટે બહારગામ ગયેલો એટલે મોટાભાઈએ કહ્યું બધાં પોતપોતાના ગાદલાં જાતે પાથરે અને ઊપાડે. ત્યારે અંબાલાલને પણ પથારી જાતે ઊપાડવાની આવી.






આ પાઠ શીખ્યા, પછી અંબાલાલે રાત્રે ગાદલું પાથરીને સૂવાનું છોડી દીધેલું.
પછી કાયમ સાદી શેતરંજી પર જ સૂઈ જતાં.





નાનપણમાં દારૂખાનું પણ તેમણે ફોડ્યું ન હતું. વળી મિત્રો પતંગ ચગાવતા હોય ત્યારે તેમની પાસે બેઠા હોય, પણ જાતે ચગાવવાનું મન ના થાય. એટલે નાનપણથી જ વસ્તુઓ ખરીદવાનો કે વાપરવાનો શોખ ન હતો.





★ નિયમરાજ – આ દુનિયા કુદરતના નિયમોને આધીન ચાલે છે.


અંબાલાલ જ્યારે ૧૭-૧૮ વર્ષના હતા, ત્યારે એકવાર એમના મિત્ર જોડે સરકસ જોવા ગયેલા. ચાર-ચાર આનાની બે ટિકિટો લીધેલી. તેમાં ઈનામ જાહેર થયું ત્યાં એમનો જ નંબર પહેલો બોલાયો. ઈનામમાં એમને સાડી એકવીસ રૂપિયાની જાપાની સાઈકલ મળી.
અરે અંબાલાલ, મારા મામાના છોકરાને સાઈકલ અપાવવાની છે. તારી આ સાઈકલ ઈનામમાં આવી છે તે તું મને આપી દે ને ! અમારે નવી ના ખરીદવી પડે.
હા, તો તું જ લઈ લે.
એક ક્ષણનો પણ વિચાર કર્યા વગર આટલી સહેલાઈથી પોતાની વસ્તુ આપી દેવા કોણ તૈયાર થાય ? એમના જેવી ખાનદાની તો શોધી જડે નહીં !
એક વખત એમને શહેરમાં જવાનું થયેલું. ત્યારે બધા મિત્રોએ નક્કી કર્યું કે ઘોડાગાડીઓ કરીને નાટક જોવા જવું. તે દહાડે નાટકનો સવા રૂપિયો હતો.
ત્યાં પહોંચીને બધા ટિકિટ કઢાવવા માટે રાહ જોઈને ઊભા રહ્યા. અંબાલાલ પાસે ગજવામાં પંદર રૂપિયા હતાં.
આમા "કોણ પૈસા કાઢે ?" એવી રાહ જોતાં કંઈ થોડા ઊભા રહેવાય ? પૈસો વહાલો કે આબરુ વહાલી ? પૈસાનો વિચાર આવે તે આપણી ખાનદાની ના કહેવાય.
બધાની ટિકિટ અંબાલાલે કઢાવી. પણ પછી વિચાર્યું મોટાભાઈને પંદર રૂપિયાનો હિસાબ આપવો પડશે. નાટકની વાત છુપાવવા જૂઠું સાચું બોલવું પડશે. શું કરીશું ? આનો નિવેડો તો આવી જશે પણ આ સોદો ભારે પડી ગયો. મારા માનને સાચવવા માટે આ કર્યું પછી નક્કી કર્યું હવેથી નાટક જોવાનું બંધ.
અંબાલાલની એક ખાસિયત હતી કે એકવાર ભૂલ થાય તે ભૂલ ફરી ક્યારેય થઈ નથી.



અરે અંબાલાલ, રેડિયો મૂકને, આપણે ગીતો સાંભળીએ.
ના ભાઈ, રેડિયો સાંભળવા શા માટે મારો કિંમતી સમય બરબાદ કરું ?
એ તો બધું ગાંડપણ કહેવાય. આ માણસો બોલે છે એ રેડિયો સાંભળવાનો જ કંટાળો આવે છે ને ! એમની વાતો અને કહાણીઓ એ પણ રેડિયો જ છે ને !
એકવાર અંબાલાલ એક મિત્ર પાસેથી સેકન્ડ હેન્ડ ઘડિયાળ ખરીદીને લઈ આવ્યાં. પણ પછી તો ઘડિયાળમાં ટાઈમ જુએ અને "અરે, આ તો મોડું થઈ ગયું ! હવે શું થશે ?" એવું વારે વારે થયા કરે.
તેમાં વળી એક રાત્રે ઘડિયાળ પહેરીને માથા નીચે હાથ રાખીને સૂઈ ગયા, તે ઘડિયાળ કાન આગળ ટીક ટીક વાગ્યા કરતું હતું. એટલે બીજે દિવસે નક્કી કરી દીધું કે આ મને ના ખપે. જે વસ્તુ આમ દુ:ખ આપ્યા કરતી હોય, તેનું બંધન શા કામનું ?


ઘણીવાર અંબાલાલ સાઈકલ ફેરવવા નીકળી પડતા. બાવન રૂપિયામાં 'રેલે' કંપનીની સાઈકલ એમને માટે લીધેલી.
અરે અંબાલાલ, તારી સાઈકલમાં તો પંક્ચર પડ્યું છે.
હા, હું દુકાન પર રીપેર કરાવવા જ જાઉં છું.
એમાં દુકાન પર શા માટે જવાનું ? પંક્ચર તો ઘરે બેસીને જાતે કરી નખાય.
હા, પણ એવું રીપેર કરવાના કામમાં કેટલો બધો સમય જાય!
મારો તો એ શોખ છે. મને એવું રીપેરીંગ કામ ખૂબ ગમે છે.
હા, ભાઈ પણ આ દુનિયામાં જે બધી ચીજો છે, તે શીખવા માટે હું આવ્યો નથી. હું તો 'આત્મા' શીખવા આવ્યો છું. મને એ રીતે સમય બરબાદ કરવાનો ના પોષાય. એના કરતાં એ સમયમાં હું મારા આત્માનું ના કરી લઉં!
'આત્માની ઓળખ' એ જ જીવનનો મુખ્ય ધ્યેય છે, એવી જાગૃતિ એમને બાળપણથી જ હતી.
કેલેન્ડરનાં પાનાં ફાડવાના હોય,
કે ઘડિયાળને ચાવી આપવાની હોય
એવાં નજીવાં કામો પાછળ સમય બગાડવો પણ એમને પોષાતો નહીં.




★ રંડાશે - પતિ અથવા પત્નીમાંથી એકનું વ્હેલું મૃત્યું થઈ જવું.

આ રીતે ગૃહસ્થ જીવનના ઉંબરા પર પગ માંડતા અંબાલાલનું બાળપણ કેટલું નિરાળું તરી આવે છે ! ભગવાનની સાચી ઓળખ મેળવીને તેમને પ્રાપ્ત કરવાની તેમની જિજ્ઞાસા ડગલે ને પગલે તેમના વિચારો અને વર્તનમાં દૃષ્ટિગોચર થાય છે.

ભગવાનને પ્રાપ્ત કરવા માટેની વૈજ્ઞાનિક સમજણ 'અક્રમ વિજ્ઞાન' દ્વારા જગત સમક્ષ રજૂ કરનાર જ્ઞાની પુરુષ અંબાલાલ મૂળજીભાઈ પટેલે કઈ રીતે એમનું ગૃહસ્થજીવન વીતાવ્યું હશે અને તેની સાથે સાથે કઈ રીતે ભગવાનની ખોજ આગળ વધારી હશે, તે જાણવા માટે એમના જીવન પ્રસંગોના આગળના ભાગ વાંચવા આપને જરૂરથી ગમશે ને ?

## હવે પછીની પુસ્તિકા 'દાદા ભગવાન' ભાગ-૨ માં તમે જોશો....




★ જય સચ્ચિદાનંદ ★




# બાળવિજ્ઞાનની અન્ય પ્રસ્તુતિઓ








પઝલ ફન



સ્ટોરી બુક



મન્થલી મેગેઝીન



એક્ટિવિટી બુક



પિક્ચર બુક



દાદા ભગવાન આધુનિક કળિકાળના એક અજોડ આત્મજ્ઞાની પુરુષ હતા. તેઓ બાળપણથી જ લૌકિક માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓમાં તણાઈ જવાને બદલે 'સાચી સમજણ' પ્રાપ્ત કરવાની શોધકવૃત્તિ ધરાવતા હતા. તેઓના રોજિંદા જીવનના કેટલાય સામાન્ય પ્રસંગોમાં પણ તેમનો અસામાન્ય વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ તરી આવે છે.

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

ISBN 978-81-89933-43-2
9 788189 933432

Printed By : Mahavideh foundation (079) 27542964